# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID :- swo-sur@gujarat.gov.in ફોન નં. ૦૨૬૧ – ૨૪૬૪૪૩૦

નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રીક/૨૦૨૨-૨૩/3993-3999 તા. ૦૯/૧૧/૨૦૨૩

**ખૂબ જ અગત્યનું/તાત્કાલિક**

પ્રતિ

(૧) કુલ સચિવશ્રી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી,સુરત

(૨) રજીસ્ટ્રારશ્રી, પી.પી.સવાણી યુનિવર્સિટી,સુરત

(૩) રજીસ્ટ્રારશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સિટી,સુરત.

(૪) રજીસ્ટ્રારશ્રી, સાર્વજનિક યુનિવર્સિટી,સુરત

(૫) રજીસ્ટ્રારશ્રી, વનિતા વિશ્રામ વુમેન યુનિવર્સિટી,સુરત

(૬) રજીસ્ટ્રારશ્રી, ઓરો યુનિવર્સિટી,સુરત

(૭) રજીસ્ટ્રારશ્રી,ભગવાન મહાવીર યુનિવર્સિટી,સુરત

(૮) રજીસ્ટ્રારશ્રી,વિદ્યાદીપ યુનિવર્સિટી,સુરત

(૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સુરત

(૯) આચાર્યશ્રી,આઇ.ટી.આઇ.સુરત

વિષય :- પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિમાં અનુસૂચિત જાતીનાં વિદ્યાર્થીઓના બેંક ખાતા સાથે આધાર કાર્ડ તાત્કાલિક લીંક કરાવવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રીની "POST MATRIC SCHOLARSHIP TO SC STUDENTS" યોજના ( એટલે કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અમલમાં છે. જે અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩ થી શિષ્યવૃત્તિ યોજનાની ચુકવણીમાં ફેરફાર કરવામાં આવેલ છે. અગાઉ વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવતી હતી અને કેંદ્ર સરકારશ્રીનો હિસ્સો કેંદ્ર સરકારશ્રી પાસે મેળવી લેવામાં આવતો હતો.

વર્ષ-૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦,૬૦ (રાજ્ય:કેંદ્ર)ના રેશિયામાં ચુકવણું કરવાનુ નક્કી કરવામાં આવેલ છે. એટલે કે ૪૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા અને ૬૦% શિષ્યવૃત્તિ કેંદ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ચુકવવામાં આવશે. કેંદ્ર સરકારશ્રી દ્વારા એમ જણાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવણુ આધારબેઝ કરવાનુ રહેશે એટલે કે આધારનંબર સાથે જે બેંક લીંક હોય તેમાં જ કરવાનું રહેશે.

આમ જે વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા લીંક ના હોય તેઓને તાત્કાલીક લીંક કરાવવાના થાય છે. જે વિદ્યાર્થીઓના આધાર બેંક લીંક નથી તેની યાદી આ સાથે (ઇ-મેઇલમાં)એક્શેલ ફાઈલમાં સામેલ છે.

શાળાના આચાર્યશ્રીઓ આવી યાદી ડીજીટલ ગુજરાત પોર્ટલ પર લોગીન કરી "POST MATRIC SCHOLARSHIP " મેનુમાં જઈ "Post metric PFMS Reject/Accept Details" ઓપશન પર ક્લીક કરી ચકાસી શકાશે. આચાર્યશ્રીઓએ આ મેનુનો ઉપયોગ કરી જેટલા વિદ્યાર્થીઓ Reject કેટેગરીમાં હોય તેવા તમામ વિદ્યાર્થીઓ સાથે બેંક પર જઇ વિધ્યાર્થીઓના બેન્ક ખાતા આધાર કાર્ડ સાથે લીંક કરાવવા એટલે કે UID Enable For DBT/Aadhar Seeding કરવાનું રહેશે. આ કામગીરી પુર્ણ કર્યાનો અહેવાલ અત્રેની કચેરીને દિન-૭ માં આપવાનો રહેશે.તેમ આપના તાબા હેઠળની યાદી મુજબની શાળા/કોલેજોને આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૨૨-૨૩ના પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિમા અનુસૂચિત જાતીનાં કોઇ વિધ્યાર્થી શિષ્યવૃતિના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે પ્રિન્સિપાલશ્રીની અને શિષ્યવૃત્તિનું કામ કરતા કર્મચારીશ્રી રહેશે. જેથી આ કામગીરીને ટોચ અગ્રતા આપીને કાર્યવાહી કરવાની રહેશે. જેની ગંભીરપણે નોંધ લેવી.